


## સલામી સવારની..

*ચૂંટણી-ગણતરીઓ નો રોજનો માર છે,*
*શિક્ષણ કરતાં ય વહીવટનો ભાર છે,*
*આધાર બનવું પડે, ભીડ ભેગી કરવા -*
*આ શિક્ષકો પર તો ચારેબાજુથી ઠાર છે...*

**હાઈકુ**

*લ્યો! પાકિસ્તાન*
*હવે કરે છે મ્યાઉં*
*ઓબામા પણ!*
*(હવે આંખ ઉઘડી)*

*ખોટી ધાંધલ!*
*મસ્તાના દિલવાલે*
*'અસહિષ્ણુતા...'*

### ચિંતન

**વિષયસ્ય વિષયાણાં હિ દૃશ્યતે મહદ્ અંતરમ્ ।**
**ઉપ ભુક્તં વિષ હન્તિ, વિષયાઃ સ્મરણાદપિ ॥**

'ખરેખર! હળાહળ ઝેર અને વિષયસુખ વચ્ચે મોટું અંતર-તફાવત છે જ! ઝેરનું તો સેવન કરવાથી જ મારે છે. મૃત્યુ થાય છે. પરંતુ 'વિષયસુખ' નો તો વિચારમાત્ર - સ્મરણ કરવાથી માણસનો બધી રીતે પતન થઈ નાશ થાય છે.'

આજકાલ આપણે દુષ્કર્મોની અનેક ઘટના વાચવાં મળે છે. જેમાં નાના-બાળકોથી કરી વૃદ્ધાઓ - પણ નાના બાળકોથી વૃદ્ધ પુરુષની વાસનાના શિકાર બને છે. આવા લોકો ઘણીવાર સમજુ - અનુભવી અને ભણેલા પણ હોય છે, પરંતુ વાસનાનું ક્ષણિક 'ઝેર' એમનાં મન-શરીર-વિચારમાં એવું ફેલાઈ જાય છે કે તેમની નિર્ણય શક્તિ વિવેકબુદ્ધિમાં ફેલાઈ જાય છે અને વિચારમાત્રથી જ વ્યક્તિ માનવતા મૃત્યુ પામે છે.

આથી જ આ શ્લોકમાં હળાહળ ઝેર પીવાથી જ નાશ કરે પણ વાસના તો વિચારમાત્ર માણસ અને માનવતાનો વિનાશ કરે છે.

### સુવિચાર

- અતિ સુખ હોય તો નિશાની નાશની સમજો,
  વધુ ચમકતા સિતાર તરત ખરતા હોય છે - **બેન્યાઝ ધ્રોલવી**
- વો દોસ્ત મેરી નજર મેં બહુત 'માઈને' રખતે હૈં,
  જો વક્ત આને પર મેરે સામને 'આઈને' રખતે હૈં - **સંજય જોષી**
- તમે જેટલું બની શકો એટલા ચતુર બનો,
  પણ યાદ રાખો કે વિવેકી હોવું એ ચતુર હોવા કરતાં હંમેશા સારું છે - **એસ. ભટ્ટાચાર્ય**
- શ્રદ્ધા માટે જગ્યા થાય એ હેતુથી જ મેં મારામાંથી જ્ઞાનને દૂર કરી દીધું - **સંત ઓગસ્ટીન**
- જીવન પરદેશી ભાષા છે અને દરેક માણસ એનો ખોટો ઉચ્ચાર કરે છે - **રશિયન કહેવત**
- સંત એવા હોવા જોઈએ કે એમને જોઈને ઈશ્વર યાદ આવે - **મુંબઈ સમાચાર**
- **આજનું ઔષધ : જાંબુના વૃક્ષની છાલને ઉકાળીને કોગળા કરવાથી દાંતનાં પેઢાનો સોજો મટે છે અને દાંત મજબૂત થાય છે.** (સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

કોઈ પણ કામ શરુ કરતાં પહેલાં તેના પર પુરેપુરો વિચાર કરવો જોઈએ. કામનું આયોજન, મુશ્કેલી-તેના પરિણામો વગેરેનું 'આયોજનબદ્ધ' બ્લૂ પ્રિન્ટ તૈયાર કરવી જોઈએ. સંપૂર્ણ આયોજન માટે 'વિચાર' એક મહત્ત્વનું પગલું છે... (વિચાર્યા વગર લાખો ખાતાં ખોલાવી નાખવાનો શું અર્થ?)

અમેરિકાના ઓગણીસમાં પ્રમુખનું નામ 'મિ. રેધરફોર્ડ'. જયારે હાવર્ડમાં ભણતા હતા ત્યારે કૉલેજમાં તેનો એક મિત્ર હતો. તેનો સ્વભાવ દરેક કામમાં આંધળુકિયાં સાહસ કરી - કામ જલદી ઉતાવળે 'પતાવી' નાખવાનો હતો.

એકવાર વહેલી સવારે કોઈ પ્રયોગ કરવા લેબોરેટરીમાં ગયો અને પ્રયોગ કરતાં નાનો વિસ્ફોટ થયો અને ચહેરા પર દાઝી ગયો. દવાખાનામાં તેની મુલાકાતે રેધરફોર્ડ ગયા. પૂછ્યું તું લેબોરેટરીમાં કયારે ગયો હતો?

મિત્ર કહે - વહેલી સવારે.

રેધરફોર્ડ કહે - તો તું વિચારે છે કયારે?!

# બળાત્કાર જેવા ગુનામાં 'વયમર્યાદા' કેવી!

## તંત્રીસ્થાનેથી....

નિર્ભયા નામે દુનિયાભરમાં જાણીતી થયેલી હિંમતબાજ છોકરીની માતાએ એની ત્રીજી વરસીના દિવસે જે નિખાલસ રજૂઆત કરી છે તે દાદ આપવા લાયક છે. એણે દીકરીને કોઈ બનાવટી નામે ઓળખવાની જરુર નથી એમ જણાવી એનું અસલી નામ જાહેર કર્યું છે. જયોતિસિંહ પાંડે નામની એની દીકરી સામૂહિક દુષ્કર્મનો ભોગ બની હી અને એ ઘટનાએ આખું દિલ્હી માથે લીધું હતું. લાખ ઉપાય છતાં આ કમનસીબ દીકરીને બચાવી શકાઈ નહોતી. એની સાથે દુષ્કર્મ આચરનારઓ પૈકી એક આરોપી તો નિર્લજ્જ થઈને ત્યાં સુધી કહી દીધું કે જો એણે બળાત્કારીઓનો પ્રતિકાર ન કર્યો હોત - અર્થાત્ એમની કુત્સિત ઈચ્છાઓ અનુકૂળ થઈ ગઈ હોત તો એને મરવું ન પડ્યું હોત! આસારામ બાપુએ વળી જુદી જ વાત કરી હતી. એમણે પીડિતા દ્વારા બળાત્કારીઓને 'ભાઈ' બનાવવાની વાત કરી હતી. પુરુષપ્રધાન સમાજ સ્ત્રીને એક યા બીજા સ્વરુપે ગુલામડી રાખવનું જ પસંદ કરતો હોય છે ત્યારે જયોતિની વીરાંગના માતાએ ઉચ્ચારેલો અભિપ્રાય સૌએ ગાંઠે બાંધવા જેવો છે. આપણું ન્યાયતંત્ર જેવા પર દુષ્કર્મ આચરાયું હોય એવી મહિલાની ઓળખ છુપાવવાનું ઉચિત સમજે છે. તેથી આવા કિસ્સામાં પીડિતાનું સાચુ નામ જાહેર કરાતું નતી. પરંતુ જયોતસિંહ ઉર્ફે નિર્ભયાની માતાએ હિંમતપૂર્વક રજૂઆત કરતાં કહ્યું છે કે જેની આબરૂ લૂંટાઈ છે એને શરમાવાની જરુર નથી. શરમ તો આબરૂ લૂંટનારાને લાગવી જોઈએ. ગુનો તો આબરૂ લૂંટનારા કરે છે, પછી વગર વાંકે એમની વાસનાનો ભોગ બનનાર સ્ત્રીએ છુપાઈ-સંતાઈને કે શરમાઈને રહેવાની શી જરુર? આ કેસમાં પુખ્તવયના આરોપીઓને ફાંસીની સજા સંભળાવાઈ હતી જયારે એ કાંડના મુખ્ય સૂત્રધાર જેવા સગીર વયના આરોપીને જુવેનાઈલ કોર્ટમાં રજૂ કરાયો હતો. ૧૮ વર્ષથી ઓછી વયના કિશોર ગુનેગારોને 'સુધરવા' ની તક આપતા કાયદાનું રક્ષણ નિર્ભયા સામૂહિક દુષ્કર્મમાં સંડોવાયેલા ખતરનાક આરોપીને પણ મળી રહ્યું છે. ત્રણ વર્ષ સુધારણાગૃહમાં વિતાવ્યા પછી હવે એ છૂટો ફરશે. દિલ્હી હાઈકોર્ટે એની વિરુદ્ધ માગવામાં આવેલી દાદને નકારી કાઢી છે અને એવો ગંભીર ગુનો આચરનારને જુવેનાઈલ કાયદાનો લાભ મળી રહ્યા છે. હકીકતમાં જયોતિસિંહને બસમાં હાથ ખેંચીને એણે જ ચડાવી હતી, એ પહેલાં બીજી એક છોકરીને બસમાં ખેંચવા પ્રયાસ કર્યો હતો પણ એને રિક્ષા મળી ગઈ હતી એટલે એ છટકી ગઈ હતી. જયોતિ સાથે બાકીના પુખ્તવયના આરોપીએએ એક એક વાર જ બળાત્કાર કર્યો હતો જયારે આ તરવરિયા લબરમૂછિયા છોકરડાએ એની સાથે બે વાર બળાત્કાર કર્યા પછી એના ગુપ્તાંગમાં સળિયો ખોસી દઈ, ઘસડીને એને બસની બહાર રસ્તા પર ફેંકી દીધી હતી. હકીકતમાં જયોતિને મૃત્યુના મુખમાં ધકેલી દેનાર ગુનેગારને જ એની સગીર વયના મુદ્દા પર સજામુક્તિ મળી રહી છે. આ બાબતની ગંભીરતા સમાજ અને ન્યાયતંત્રે પણ ધ્યાને લેવી જોઈએ. સંસદમાં સગીર વયની વ્યવસ્થા બદલવાની માગણી શરુ થતી રહી છે. ૧૮ વર્ષનો કિશોર કિશોર નથી રહેતો. તે વખતે એ તરવરિયો તોખાર હોય છે. બલકે એ વયે એની સેક્સવૃત્તિ વધારે ઉગ્ર હોય છે. પરંતુ આપણી ન્યાયસંહિતા બ્રિટિશ ન્યાયસંહિતાને અનુસરતી હોઈ આ વયને 'કાચી ઉંમર' ગણી લેવામાં આવી છે. ભારત ગરમ પ્રદેશ છે અને અહીં ૧૮ વર્ષની વયે તો આપણા પૂર્વજો એક છોકરાના બાપ બની જતા હતા, તે મુદ્દો ધ્યાને લેવો જોઈતો હતો. હવે નિર્ભયા કાંડ પછી ઉમા ભારતી, મીનાક્ષી લેખી અને હેમા માલિની સહિતની સાંસદ મહિલાઓને ૧૮ વર્ષની વયમર્યાદા ઘટાડી ૧૬ વર્ષની કરવી જોઈએ, એવી રજૂઆત કરવી પડે છે, તે કેવી વિડંબના છે! બળાત્કાર જેવા અમાનુષી કેસમાં જડ કાયદાની જોગવાઈને વળગી રહેવાને બદલે એની યોગ્યાયોગ્યતાનો વિચાર કરી આવા ખતરનાક ગુનેગારને કડક સજા થવી જોઈએ, એવું કોણ નહીં ઈચ્છે? જયોતિની માતા સાચું જ કહે છે કે જો આ છોકરો છૂટી જશે તો મરનાર જયોતિને ન્યાય મળ્યો નહીં જ ગણાય.

ICU માં મારા મોં પર ઑક્સિજન માસ્ક છે.
હોલ્ટર સતત મારા હૃદયની ગતિવિધિ માપી રહ્યું છે.
બહાર સ્વજનો આપ્તજનો ચિંતાતુર ચહેરે બેઠાં છે.
મારી આંખો બંધ છે.
મારી ક્ષીણ થતી જતી ચેતનામાં
ઊંડે ઊંડે સળવળાટ થાય છે.
હોલ્ટરનો ગ્રાફ ઊંચો-નીચો થાય છે.
ડૉકટરના શબ્દો વારંવાર મારા માનસપટ પર પડઘાય છે.
**"Careless, very very careless**
**careless about her own-self"**
મારી આંખનો ખૂણો ભીંજાય છે.
એક આંસુ ઝળૂંબે છે.
મારું 'ઘાયલ' હૃદય ચિત્કારી ઊઠે છે.
તેં એક વાર, માત્ર એકવાર જ
જો મને કહ્યું હોત
કે હું કિમતી છું, તારા માટે જરુરી છું.
તો હું **careless** ન રહી હોત
મારું હૃદય ઘવાયું ન હોત.
મેં મારી જાતને સાચવી હોત.
અનમોલ રતન માફક જાળવી હોત.
મારા ગાલ પર આંસુ અને
હોલ્ટરમાં ગ્રાફ સ્થિર થઈ જાય છે.

**- સુચિતા કપૂર**






## આત્મવિશ્વાસથી છલોછલ ભરેલી સફળ સ્ત્રીઓ પણ એવી અપેક્ષા શા માટે રાખતી હશે કે તેના પોતાના શરીરનું મહત્ત્વ કે કાળજી તેના પરિવારજનો કે ઘરના સભ્યો કે ગમતી વ્યક્તિ દ્વારા લેવાય?

શિયાળાની ઋતુ સ્વાસ્થ્ય માટે વરદાન સમાન ગણાય છે. પણ મોટા ભાગે આપણે ત્યાં મહિલાઓ ઘરના સર્વેની કાળજી રાખવામાં પોતાની જાતને એટલી ઓતપ્રોત કરી દે છે કે પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ છે એવો અહેસાસ એ પોતે જયારે પથારીમાં પટકાય ત્યારે જ એને થાય છે. કેટલાક ઘરોમાં મમ્મીઓ સવારે ઊઠે ત્યારથી જ શિયાળામાં બીટ, ગાજર, આંબળા, લીલી હળદર, વસાણા આ તમામ વસ્તુઓ ઘરનાને ખવડાવવામાં જ વ્યસ્ત હોય છે. મોટાભાગે ૪૦-૪૫ વર્ષની ઉંમર થતા-થતા સ્ત્રીઓને આર્થરાઈટીસ, થાઈરોઈડ અને અન્ય **hormonal changes** જેવી તકલીફો થવા લાગે છે. આ તમામ તકલીફોના મૂળમાં સ્ત્રીઓની પોતાના જ શરીર પ્રત્યે બેદરકાર રહેવાની ટેવ કારણ સ્વરુપ છે.

સ્ત્રીઓ અત્યંત સંવેદનશીલ હોય છે. અંદરથી ખૂબ દૃઢ મનોબળ ધરાવતી અને સક્ષમ વ્યક્તિત્વ ધરાવનાર આત્મવિશ્વાસથી છલોછલ ભરેલી સફળ સ્ત્રીઓ પણ એવી અપેક્ષા શા માટે રાખતી હશે કે તેના પોતાના શરીરનું મહત્ત્વ કે કાળજી તેના પરિવારજનો કે ઘરના સભ્યો કે ગમતી વ્યક્તિ દ્વારા લેવાય ? તેનામાં ઘરના તમામ કાર્યો કરવાની, ઑફિસમાં પ્રંશસનીય કામગીરી બજાવવાની અને બહારથી પોતાની જાતને **Tip top** અને **beutiful** રાખવાની આવડત છે. પણ અંદરથી તેને ઝંખના હોય છે તેનું મહત્ત્વ દર્શાવતી, તેની કાળજી લેતી અને તેના માટે ચિંતિત રહેતી એવી કોઈ વ્યક્તિની. સ્ત્રીનું હૃદય દરિયા જેવું વિશાળ હોય છે તે લાગણી અને વાત્સલ્યની મૂર્તિ હોવા છતાં તે પોતાની જાતને એટલી સીમિત બનાવી રાખે છે કે દરિયાના પાણીને એક ખોબામાં ભરીએ ત્યારે દરિયાના તમામ ગુણધર્મો એ ખોબામાં રહેલા પાણીમાં મોજુદ હોય છે. પણ નથી હોતી તેમાં દરિયાની વિશાળતા; તે સીમિત હોય છે માત્ર ખોબા પૂરતું ! આજના યુગની નારી ભલે ગમે તેટલી પ્રગતિ કરી ચૂકી હોય અને દરેક ક્ષેત્રમાં સફળ સાબિત થઈ ચૂકી હોય તેનું હૃદય આજે પણ એવું જ કોમળ હોય છે. તેની આસપાસની વ્યક્તિઓ, તેના પરિવારજનો કે તેના મિત્રો દ્વારા જો તેને સતત તેના અનમોલ હોવાની પ્રતીતિ કરાવવામાં આવે તો ચોક્કસ તેને તેનું મૂલ્ય હોસ્પિટલમાં ગયા પહેલાં સમજાશે. આપણે વર્ષ ૨૦૧૫ના અંતિમ ચરણમાં આવી પહોંચ્યા છીએ ત્યારે આવો, પરિવારની દરેક સ્ત્રીને તેના અનમોલ હોવાનો અહેસાસ કરાવીએ.

- nehalgadhavi101@gmail.com

# નરેન્દ્ર મોદીનો અધૂરો સંકલ્પ આનંદીબહેન થકી સાકાર




ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે નરેન્દ્ર દામોદરદાસ મોદી જે ના કરી શક્યા, એ હવે એમનાં અનુગામી આનંદીબહેન મફતલાલ પટેલ કરી બતાવશેઃ હવેના વડા પ્રધાન મોદી એનો હરખ પણ કરશે એવા શુભ સંકેત મળી રહ્યા છે. ગુજરાતના શિક્ષણના સ્તરને ખાડે લઈ જવામાં અંગ્રેજીના ભણતરથી પેઢીઓની પેઢીઓને વંચિત રાખનારાઓને જવાબદાર લેખાવા જોઈએ. મહાત્મા ગાંધીએ માતૃભાષામાં શિક્ષણ આપવાનો આગ્રહ સેવ્યો અને એ માટે ચળવળ પણ ચલાવી હતી. જોકે ૧૮ ઓક્ટોબર, ૧૯૨૦ના રોજ અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠ સ્થાપીને બ્રિટિશ શાસકો દ્વારા સંચાલિત અંગ્રેજી માધ્યમની શાળાઓને બદલે મહાત્માએ રાષ્ટ્રીય કેળવણીનો યજ્ઞ આરંભ્યો તો ખરો, પરંતુ એમણે ભાષા તરીકે અંગ્રેજીના ભણતરને અવગણવાનો બોધ આપ્યો નહોતો. જોકે તેમના અનુગામીઓએ અંગ્રેજીના ભણતરને આઝાદી પછી અવગણવાનું પસંદ કર્યું અને મગનભાઈ દેસાઈના ગુજરાતી માધ્યમના એટલે કે મગન માધ્યમના દુરાગ્રહના પ્રતાપે આજે ગુજરાતની પ્રજામાં અંગ્રેજી માટેનો રીતસરનો ફોબિયા ઊભો થયો છે. ગાંધીવાદીઓમાં પણ ઠાકોરભાઈ દેસાઈ આઠમા ધોરણથી અંગ્રેજી ભણાવવાના આગ્રહી હતા અને ઠાકોરભાઈ ઠાકોર પાંચમા ધોરણથી અંગ્રેજી વિષયનું શિક્ષણ આપવાના પક્ષધર હતા. ઠાકોર આઠમા અને ઠાકોર પાંચમાના જંગમાં ગુજરાતની પ્રજા ભીંસાતી રહી અને આજે રાષ્ટ્રીય સર્વેક્ષણ મુજબ ગુજરાતના પાંચમા ધોરણના માંડ ૯.૮ ટકા વિદ્યાર્થી અંગ્રેજી વાક્ય વાંચી શકે છે, જ્યારે કેરળ રાજ્યના પાંચમા ધોરણના ૬૮.૫ ટકા વિદ્યાર્થી અંગ્રેજી વાક્ય વાંચી શકે છે.

મુખ્ય પ્રધાન તરીકે નરેન્દ્રભાઈને અનુભવાયું હતું કે જોડો ક્યાં ડંખે છે અને એમણે પોતાના શાસન દરમિયાન ગુજરાતમાં પહેલા ધોરણથી જ અંગ્રેજી દાખલ કરવાની યોજના અમલમાં મૂકવાનું વિચાર્યું ત્યારે સંઘ પરિવાર અને એના સંગઠન વિદ્યાભારતીના ગુજરાત પ્રાંતના તત્કાલીન પ્રમુખ હર્ષદ શાહ સહિતનાએ મોદીની દરખાસ્ત સામે વિરોધ નોંધાવ્યો હતો. એટલું જ નહીં, સંઘના તત્કાલીન સરસંઘચાલક કુપ્પહલ્લી સીતારામૈયા સુદર્શનજીને વચ્ચે નાંખીને નરેન્દ્રભાઈની યોજના પર પાણી ફેરવી દીધું હતું. સંયોગ તો જુઓ કે જે હર્ષદભાઈએ મોદીની અંગ્રેજી ભણાવવાની દરખાસ્તના વિરોધમાં ઝુંબેશ ચલાવી એ મોદી સરકાર સંસ્થાપિત ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ થયા અને નિવૃત્ત પણ થઈ ગયા. બારડોલીના આ વેપારી મહાશયનો અભ્યાસ માત્ર બી.એસસી. (ગણિતશાસ્ત્ર) પૂરતો સીમિત હોવા છતાં એક યુનિવર્સિટીના કુલપતિપદે નિયુક્ત થયા એ પણ મહાઅપવાદ હતો.

જોકે નરેન્દ્રભાઈનું અધૂરું રહેલું સ્વપ્ન વર્તમાન મુખ્ય પ્રધાન શ્રીમતી આનંદીબહેન થકી સાકાર થવાના ઊજળા સંજોગોના સંકેત આપનાર શિક્ષણ રાજ્યપ્રધાન નાનુભાઈ વાનાણી ભણતર કરતાં ગણતર વધુ ધરાવનારા પ્રધાન છે. માત્ર પાંચમા ધોરણ સુધીનો અભ્યાસ ધરાવનાર નાનુભાઈ પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણના રાજ્યપ્રધાન તરીકે સુપેરે કામ કરી રહ્યા છે. મૂળ સૌરાષ્ટ્રના વતની હોવા છતાં સુરતથી ધારાસભ્ય ચૂંટાયેલા નાનુભાઈને અંગ્રેજીનું મહત્ત્વ અને મહાત્મ્ય એકવીસમી સદીમાં કેટલું છે એ સમજાય છે. એ તો પહેલું ધોરણ જ નહીં, આંગણવાડીથી બાળકોને અંગ્રેજીના સંપર્કમાં લાવવા ઉત્સુક છે. જે વિદ્યાભારતીની શાળાઓમાં માતૃભાષામાં જ શ્રેષ્ઠ શિક્ષણ આપી શકાય એવો ક્યારેક હર્ષદ શાહ જેવા મહાશયો આગ્રહ સેવતા હતા ત્યાં પણ હવે પરિવર્તનનો પવન ફૂંકાયો છે. વિદ્યાભારતીની શાળાઓમાં પણ અંગ્રેજી શિક્ષણ આત્મસાત્ થવા માંડ્યું એને એક દૃષ્ટિએ આવકારદાયક લેખવું રહ્યું. અન્યથા થતું એવું હતું કે અંગ્રેજી શિક્ષણનો જાહેરમાં વિરોધ કરનારા મહાનુભાવોનાં સંતાનો કોન્વેન્ટ સ્કૂલોમાં અંગ્રેજી માધ્યમમાં ભણાવાતા હોય એવું વધુ પ્રમાણમાં જોવા મળતું હતું.

**ગુજરાતમાં પહેલા ધોરણથી અંગ્રેજી ભણાવવામાં ફાચર મારનાર સ્વજન સંઘ-વિદ્યાભારતીનો વિરોધ હવે કોરાણે મૂકાવાના સંકેત**

બાળકોને માતૃભાષામાં શિક્ષણ આપવાના ફાયદા મહાત્મા ગાંધીએ પોતાની આત્મકથામાં પણ વર્ણવ્યા છે, પરંતુ એને જડતાથી વળગી રહેવાનું તો સ્વયં ગાંધીજીએ યોગ્ય લેખ્યું નહોતું. જ્ઞાન માટે ઘરની તમામ બારીઓને વિશ્વના પવન માટે ખુલ્લી રાખવાના આગ્રહી મહાત્માની ચિંતા અને ખેવના એટલી જ હતી કે મૂળ સોતા ઉખડી ના જવાય એટલી કાળજી રાખવાની જરૂર છે. ભારતીયતા કે ભારતીય સંસ્કૃતિને બદલે અંગ્રેજ સંસ્કૃતિને આત્મસાત્ કરવાનાં આંધળૂકિયાં સામે ગાંધીજીનો વિરોધ હતો. એ અંગ્રેજો કે અંગ્રેજી ભાષાના વિરોધી નહોતા, પરંતુ અંગ્રેજોની ગુલામી અને અંગ્રેજિયતના જ વિરોધી હતા. ભારતની સ્વતંત્રતા ચળવળના મોટા ભાગના અગ્રણીઓ લંડન જઈને અંગ્રેજીમાં ભણી, બેરિસ્ટર થઈને આવેલા હતા.

અંગ્રેજીના શિક્ષણ વિના ભારતીય પ્રજા અંધારિયા યુગમાં અટવાઈ ગઈ હોત એ કહેવું આજના તબક્કે અનિવાર્ય છે કારણ હજુ પણ લોર્ડ મેકોલે અને મેકોલેપુત્રો ભણીની ભાંડણલીલા સત્તારૂઢ ભાજપની માતૃસંસ્થા આરએસએસ અને સંઘ પરિવારનાં બીજાં સંગઠનોના અગ્રણીઓ થકી ચલાવાય છે. વૈશ્વિક સંબંધોના યુગમાં અંગ્રેજી ભણીની અવગણના-દૃષ્ટિથી તો ભારત અને ભારતીયોને એકંદરે નુકસાન જ થવાનું એ સંઘ પરિવારના અગ્રણી એવા વર્તમાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી સવેળા સમજ્યા હતા. ઓછામાં પૂરું ગુણોત્સવ સહિતના શિક્ષણના પ્રકલ્પો ચલાવતા ગુજરાતની શાળાઓનાં આઠમા-નવમા ધોરણનાં ઘણાં વિદ્યાર્થીઓને ગુજરાતી લખતાં-વાંચતાં પણ નહીં આવડતું હોવાની સ્થિતિ છે.

**વોટબેંકની રાજનીતિને કેન્દ્રમાં રાખીને પણ ભાજપ અને મિત્રપક્ષોએ આજકાલ ડો.બાબાસાહેબ આંબેડકરને વધુ મહત્ત્વ આપવાનું શરૂ કર્યું છે, હકીકતમાં જાણીતા દલિત વિચારક ચંદ્રભાણ પ્રસાદ તો ડો. બાબાસાહેબને 'સૌથી મોટા મેકોલેપુત્ર' લેખાવે છે**

આજના તબક્કે ભારતમાં અંગ્રેજી શિક્ષણ દાખલ કરનાર લોર્ડ મેકોલેના યોગદાનને નફરતથી જોવાને બદલે સકારાત્મક દૃષ્ટિકોણથી જોવાની અનિવાર્યતા પેદા થઈ છે. વોટબેંકની રાજનીતિને કેન્દ્રમાં રાખીને પણ ભાજપ અને મિત્રપક્ષોએ આજકાલ ડો. બાબાસાહેબ આંબેડકરને વધુ મહત્ત્વ આપવાનું શરૂ કર્યું છે. હકીકતમાં જાણીતા દલિત વિચારક ચંદ્રભાણ પ્રસાદ તો ડો. બાબાસાહેબને 'સૌથી મોટા મેકોલેપુત્ર' લેખાવે છે. ઉત્તર પ્રદેશમાં અંગ્રેજી દેવીનું મંદિર સ્થાપવાના પ્રેરણાપુરુષ એવા ચંદ્રભાણ પ્રસાદ તો 'દલિત દેવી ઈંગ્લિશ મંદિર'નો શિલાન્યાસ કરવા ૩૦ એપ્રિલ, ૨૦૧૦ના રોજ બનકાગાંવ ગયા ત્યારે ત્યાં ડો. આંબેડકરનું કથન ફલક પર લખાયેલું સૌનું ધ્યાન ખેંચતું હતું: 'અંગ્રેજી શેરની કા દૂધ હૈ, જો પિયેગા સો દહાડેગા.'

અંગ્રેજી શિક્ષણથી ભારતમાં જાતિવાદનું નિર્મૂલન શક્ય હોવાની રીતસરની ઝુંબેશ ચલાવાઈ રહી છે અને એમાં વડા પ્રધાન મોદીના વડપણવાળી ડો. બાબાસાહેબ આંબેડકર ૧૨૫મી જન્મજયંતી ઊજવણી સમિતિના મહત્વના સભ્ય અને આયોજન પંચના સભ્ય તથા સોનિયા ગાંધીના વડપણવાળી રાષ્ટ્રીય સમિતિના સભ્ય રહેલા ડો. નરેન્દ્ર જાધવ પણ સૂર પુરાવે છે. લોર્ડ મેકોલેની ફેબ્રુઆરી ૧૮૩૫ની 'મિનિટ્સ'ને સંદર્ભ વિના પ્રચલિત કરાવીને ભારતમાં અંગ્રેજી શિક્ષણની વિરુદ્ધનો માહોલ ઊભો કરાયાનું દલિત વિચારક ચંદ્રભાણ પ્રસાદ કહે છે. દલિતોને અંગ્રેજી ભણવા માટે આગ્રહ કરવામાં આવી રહ્યો છે. મેકોલેનો જન્મ ૨૫ ઓક્ટોબર, ૧૮૦૦ના રોજ થયો હતો. એ ભારતના પ્રથમ કાયદા પંચના વડા હતા. ચંદ્રભાણ દર વર્ષે મેકોલેના જન્મદિવસની ઊજવણી કરે છે અને જાધવ જેવા મહાનુભાવોને નિમંત્રે છે. દિલ્હીના ભાજપતરફી અંગ્રેજી દૈનિક 'ધ પાયોનિયર'ના કટાર લેખક ચંદ્રભાણ પ્રસાદની વિચારકણિકા કાંઈક આવી છે: 'હું બ્રિટિશ સામ્રાજ્યવાદીઓ ભણી આક્રોશ ઠાલવું છું કે એ ભારતમાં મોડા આવ્યા અને વહેલા ચાલ્યા ગયા.' તેઓ મેકોલેને આવકાર્ય સમાજસુધારક તરીકે વધાવે છે.

# ઈન્ડસ્ટ્રીયલ પાર્કની જમીન અંગે ગુજરાત સરકારની મહત્વની જોગવાઈ




ગણોત કાયદાઓની મુશ્કેલીઓના નિવારણ માટે ઈન્ડસ્ટ્રીયલ પાર્કની જમીન ડેવલોપ કરી ખરીદનાર તેમાં નાના, મધ્યમ કક્ષાના ઔદ્યોગિક એકમને વેચાણ કરી શકશે.

બિન કાયદેસર રીતે બિન ખેડૂતે ખરીદ કરેલ ખેતીની જમીન ઉપર ખેડૂત બનેલા ખેડૂતોએ જંત્રીનો ત્રણ ગણો દંડ ભરવાથી તેમની જમીન જે તે હેતુ મો રેગ્યુલાઈઝ કરવામાં આવશે.

ગુજરાતમાં મોટા પ્રમાણમાં ઉદ્યોગો આવી રહ્યા છે તેમના માટે જમીન ઉપલબ્ધ કરાવવાની જવાબદારી રાજય સરકારની છે ખેતીની જમીનને બિન ખેતીમાં ફેરવી ઔદ્યોગિક હેતુ માટે તાત્કાલીક અસરથી પરવાનગી આપવાની પ્રોત્સાહક નિતિ ગુજરાત સરકારે અપનાવી છે જેમાં ગણોત કાયદા બાધા રૂપ હોય તેમાં મોટા પ્રમાણમ વખતોવખત ફેરફાર ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવ્યા છે.

ખેડૂતો પાસેથી જમીન ખરીદનારા ઉદ્યોગપતિઓ પાસેથી ખેડૂત પોતાની જમીનની કિંમતના પ્રમાણમાં ઈકવીટી ભાગરૂપે મેળવી શકશે એટલે કે પરોક્ષ રીતે ઉદ્યોગમાં ભાગીદાર બની શકશે. પ્રવર્તમાન ગણોત તથા જમીન મહેસુલ કાયદામાં આવી જોગવાઈ ન હતી તેમાં સુધારો કરી નવી શરત ઉમેરવામાં આવી છે આમ શકય બનતા ખેડૂત અને ઉદ્યોગકારો વચ્ચે ભાગીદારીની તકો ઉભી થશે ઉદ્યોગકારોને મોટા પ્રમાણમાં મૂડી ના કાઢતા ખેતીની જ જમીનમાં ઉદ્યોગ નાંખી તેમાં જમીનના ટકાવારીના પ્રમાણમાં ઈકવીટી આપી શકશે.

ઈન્ડસ્ટ્રીયલ પાર્કની પ્રવર્તમાન નિતિ નિયમોમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. ખાનગી જમીન માલીકે ઈસ્ડસ્ટ્રીયલ પાર્કની મંજુરી મેળવી હશે તો તેમાં નાના અને મધ્યમ કક્ષાના એકમાં અન્ય ઉદ્યોગકારોને વેચાણ આપી શકશે જેમાં ગણોતધારાની જોગવાઈઓ લાગુ નડી પડે. ઉદ્યોગકારો માંગે તે રીતની સુવિધાઓ ખાનગી ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં જમીન માલીકે ઉદ્યોગકારોને આપવની રહેશે. જેના નિયમો ઉદ્યોગ કમિશ્નર દ્વારા ઘડવામાં આવશે જે જમીન માલીક અને ઉદ્યોગકાર બન્નેના લાભામાં હોય.

ખેતીની જમીન બોનાફાઈડ પરચેઝ ખેડૂતો કે સંસ્થાઓ અંગે પણ કેટલીક જોગવાઈઓ કરવામાં આવી છે. ખેડૂત ખેતીની જમીન ખરીદે પરંતુ અગાઉના ટ્રાન્ઝેકશનો બિન ખેડૂત સાથે થયેલા હોય તેમાં પ્રવર્તમાન કબજેદારોને ગણોત કાયદાની સમસ્યાનો સામનો કરવો પડતો હતો જેથી સરકારે ૩૦/૬/૨૦૧૫ અથવા તે પહેલાની તબદીલીઓ વેચાણ વ્યવહારો બિન ખેડૂતની તરફેણમાં થયા હોય તો તે તબદીલીને ધ્યાને લીધા સીવાય પ્રવર્તમાન કાયદાસરના ખેડૂત ખાતેદાર પાસેથી જંત્રીના ૧૦ ટકા લેખે પ્રિમિયમ વસુલ કરી ખરીદનારની તરફેણમાં થયેલ છેલ્લો વ્યવહાર માન્ય ગણવાનો રહેશે અને જો ખરીદનાર સામે શરત ભંગની કાર્યવાહી કરવામાં આવી હોય તો આવી કાર્યવાહી પડતી મુકી બોનાફાઈડ ખરીદનારની તરફેણમાં નિતિ નિયમો શરતો મુજબ લાભ આપવાનો રહેશે. આ નિતિના કારણે શરત ભંગની કાર્યવાહીથી સરકારહેડે જતી જમીનો ખેડૂતો બચાવી શકશે અને જમીનની કાયદેસરતા પ્રાપ્ત કરી શકશે.

આ નિયમોમાં સરખાવતી સંસ્થાઓ કો.ઓ. સોસાયટીઓ, કંપનીઓને આ સુધારાનો લાભ મળી શકશે પરંતુ આ બધા સુધારાનો લાભ માત્ર ખાનગી માલીકીની જમીન ધારકોને જ મળશે. સરકારી કે અન્ય રીતે નિયંત્રીત સત્તા પ્રકારે ધારણ કરેલ કે ગણોત હક્કે પ્રાપ્ત કરેલ જમીનોને લાગુ પડશે નહી પરંતુ સરવાળે ઉદ્યોગપતિઓને પ્રોત્સાહનરૂપ પુરવા થતાં ગુજરાતનો વિકાસ થશે, ડેવલોપમેન્ટ થશે જમીન માલીકોને સારા ભાવ મેળવવાની તથા ભાગીદારી કરવાની ઉત્તમ તકો મળશે તેમાં બેમત નથી.

ઔદ્યોગિક હેતુ માટે ખરીદ કરવામાં આવી હોય કે તેવા હેતુ માટે જમીન હસ્તગત કરવામાં આવી હોય તે જમીન ઉપર ઉદ્યોગ શરૂ કરવા માટે ૭ વર્ષનો સમયગાળો મુકરર કરવામાં આવ્યો છે. ખેતીની જમીનમાં ઉદ્યોગ શરૂ કરવામાં આવે તો પહેલા પાંચ વર્ષની મહેતલ આપવામાં આવતી ત્યારબાદ શરત ભંગ ગણી જમીન ઉપર કાર્યવાહી કરવામાં આવતી હતી જેની મુદત હવે સાત વર્ષની નક્કી કરવામાં આવી છે.

સાત વર્ષના સમયગાળમાં ઉદ્યોગકારો ઉદ્યોગ ચાલુ ના કરી શકે તો જમીનના પ્રર્વતમાન જંત્રીની કિંમતના ૫૦ ટકા રકમ લઈને તેમની સમય મર્યાદામાં વધારો કરી આપવામાં આવશે. ઉદ્યોગ ચાલુ કરેલ હોય પરંતુ તેમાં ઉત્પાદન ચાલુ ના થયેલ હોય તો તેવા કિસ્સામાં પુનઃ ત્રણ વર્ષનો સમય આપવામાં આવશે. જેના બદલામાં જમીનની જંત્રીના ૪૦ ટકા રકમ સરકારશ્રીમાં ઉદ્યોગકારોએ જમા કરાવવાની રહેશે અને જો ઉત્પાદન ચાલુ કરવામાં પાંચ વર્ષ ઉપરાંતનો સમય ગાળો વિતે તો જંત્રીના ૬૦ ટકા રકમ દંડ તરીકે સરકારમાં જમા કરાવેથી મુદતમાં વધારો કરવામાં આવશે.

ઉદ્યોગોની જમીન તબદીલીના કિસ્સામાં સરકારશ્રીમાં ૬૦ ટકા રકમ જમા કરાવવાથી પરવાનગી આપવામાં આવશે.

અનુસંધાન પાના નં. ૭ પર